## જન્મદિને વધામણી



**કાન્તીલાલ ભલાભાઈ સોલંકી**
મો. પૂર્વ મંત્રી, સમાજ કલ્યાણ અને કુટિર ઉદ્યોગ સ્થાયી સમિતિ સભ્ય, વિશ્વ ગુજરાતી સમાજ કારોબારી સમિતિ સભ્ય, એક્સ એમએલએ કાઉન્સિલ, ગુજરાત
મો. ૯૮૨૫૨ ૭૦૯૭૨



**અવિનાશ સી પાધ્યા**
મો. ૯૯૧૩૬ ૮૨૧૬૫



**અલ્પેશ બી પટેલ**
બિલ્ડર
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# 'નીટ'ની પરીક્ષા ગુજરાતી ભાષામાં આપવાની જાહેરાતથી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી



## પરીક્ષાને છ માસ જેટલો સમય બાકી હોવાથી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને તૈયારી માટે સમય મળી રહેશે

ગાંધીનગર, તા. ૧૨

૨૦૧૭માં મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે લેવાનારી નીટ ગુજરાતીમાં લેવાની જાહેરાત બાદ રાજ્યના હજારો વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. છેલ્લી ઘડી સુધી જો ચિત્ર સ્પષ્ટ ન થાય તો ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને નુકસાન જવાની શક્યતા હતી. જોકે હજુ પરીક્ષાને છ માસ જેટલો સમય બાકી હોવાથી જાહેરાત થઈ જતાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ખાસ્સી રાહત મળશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે કેન્દ્ર સરકાર દ્વારા નીટ દાખલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭માં મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે સમગ્ર દેશમાં એક માત્ર નીટ લેવામાં આવશે. આ પરીક્ષાની જાહેરાત બાદ ગુજરાતીમાં પરીક્ષા લેવાય તે માટે વાલીઓએ રાજ્ય સરકાર સમક્ષ અનેક રજૂઆતો કરી હતી. રજૂઆતોના પગલે રાજ્ય સરકાર દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓને ગુજરાતીમાં નીટ લેવાશે તે અંગે બાંયધરી આપી હતી.

આ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી નીટ ગુજરાતીમાં લેવાશે તેવી જાણકારી આપી હતી. જેથી ગુજરાતના હજારો ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. જો આ જાહેરાત સમયસર કરવામાં આવી ન હોત તો વિદ્યાર્થીઓની મુશ્કેલીમાં વધારો થઈ શકે તેમ હતું. કારણ કે છેલ્લી ઘડીએ જાહેરાત કરવામાં આવે તો ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પોતાની સેફ્ટી માટે અંગ્રેજીમાં પણ તૈયારી કરી રાખતા. જેના પગલે તેમને સમય બગડે તેમ હતું. જોકે હવે તૈયારીનો પૂરતો સમય હોવાથી વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઈ ગયા છે.

# જીટીયુની પરીક્ષા પાછી ઠેલાઈ હોવાની વાત માત્ર અફવા છે

## વિદ્યાર્થીઓએ ગેરમાર્ગે દોરાવું નહીં : પરીક્ષા કાર્યક્રમમાં કોઈપણ ફેરફાર થયો નથી - યુનિવર્સિટીની સ્પષ્ટતા

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે સંકળાયેલી ડિપ્લોમા ડિગ્રી ઈજનેરી, ફાર્મસી તથા એમબી-એમસીએ કોલેજોમાં હાલ પરીક્ષા ચાલી રહી છે. સોશિયલ નેટવર્કમાં જીટીયુની પરીક્ષાઓ ચોથી ડિસેમ્બરથી શરૂ થઈ પાછળ ખેંચાઈ રહી હોવાની વિગતો બહાર આવી રહી છે. જીટીયુ દ્વારા આ વાતને અફવા ગણાવીને એવી સ્પષ્ટતા કરી છે જીટીયુની તમામ પરીક્ષાઓ જાહેર કરાયેલા નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે જ લેવાશે.

હાલમાં ચલણી નોટોના કારણે ઊભી થયેલી અરાજકતાથી સોશિયલ નેટવર્ક પર અનેક વાતો વહેતી થઈ રહી છે. જેમાં તાજેતરમાં કોઈએ જીટીયુની પરીક્ષા પાછળ લઈ જવામાં આવી હોવાની વાતો જાહેર કરી હતી.

આ વાતો ફરતાં ફરતાં અનેક વિદ્યાર્થીઓ સુધી પહોંચી હતી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ ભારે પરેશાનીમાં મુકાયા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ તો આ અંગે જીટીયુમાં ફોન કરીને અને રૂબરૂ જઈને પુછપરછ શરૂ કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની પુછપરછ શરૂ થતાં આખરે જીટીયુ દ્વારા પરીક્ષાના કાર્યક્રમમાં કોઈ ફેરફાર થયો નથી તેવી જાહેરાત કરવાની ફરજ પડી હતી.

થોડા દિવસો પહેલા ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ પણ પાછળ લઈ જવામાં આવી હોવાની વિગતો વોટેસએપ પર ફરતી થઈ હતી. જેમાં ગયા વર્ષના અખબારમાં પ્રસિધ્ધ થયેલા સમાચારોના કટિંગ વહેતા કરીને પરીક્ષા પાછળ લઈ જવામાં આવી હોવાની વાતો ઉડાડવામાં આવી હતી. અલબત્ત, હવે યુનિવર્સિટીની પરીક્ષાઓ નિર્ધારીત સમયે અને જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે જ લેવાશે.

### ગુજરાત યુનિવર્સિટીનો આવકારદાયક નિર્ણય

# અનુસ્નાતક પરીક્ષામાં ૫૫ ટકા ન આવે તો નવેસરથી પરીક્ષા આપી શકાશે

## ચારમાંથી કોઈપણ એક સેમેસ્ટરની પરીક્ષા નવેસરથી આપી શકાશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત યુનિવર્સિટીના ભવનો અને સંલગ્ન કોલેજોમાં પી.જી.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ એમ.ફીલ અને પીએચડી કરવા માટે ૫૫ ટકા માર્કસ જરૂરી છે. જે વિદ્યાર્થીઓના ૫૫ ટકા માર્કસ ન હોય તેઓ એમ.ફીલમાં પ્રવેશ લઈ શકતાં નથી. આવા વિદ્યાર્થીઓની કારર્કિદી બગડે નહી તે માટે વિદ્યાર્થીઓ કુલ ચાર પૈકી કોઈપણ એક સેમેસ્ટરની નવેસરથી પરીક્ષા આપી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આગામી વર્ષથી વિદ્યાર્થીઓ પોતાના ૫૫ ટકા પુરા કરવા માટે કોઈપણ એક સેમેસ્ટરની નવેસરથી પરીક્ષા આપી શકશે.

પ્રોફેસર બનવા માટે માસ્ટર ડિગ્રીમાં ૫૫ ટકા માર્કસ જરૂરી છે. કોઈ વિદ્યાર્થીને એક ટકો ઓછો હોય તો પણ ૫૫ ટકા ન થ?વાના કારણે એમ.ફીલ કે પીએચડીમાં પ્રવેશ મળી શકતો નથી. પરંતુ હવે યુનિવર્સિટી દ્વારા આ અંગે મહત્વનો નિર્ણય કરાયો છે.

જો કોઈ વિદ્યાર્થીને ચાર સેમેસ્ટરમાં મળીને ૫૫ ટકા માર્કસ થતા ન હોય તો તેને નવેસરથી પરીક્ષા આપવાની તક અપાશે. કુલ ચાર સેમેસ્ટર પૈકી વિદ્યાર્થીઓ ઈચ્છે તે સેમેસ્ટરની નવેસરથી પરીક્ષા આપી શકશે. વિદ્યાર્થીએ કયા સેમેસ્ટરની પરીક્ષા નવેસરથી આપવી છે તે નક્કી કરવાનું રહેશે. ઉદાહરણ તરીકે જો કોઈ વિદ્યાર્થી સેમેસ્ટર ૩ની નવેસરથી પરીક્ષા આપવાનો નિર્ણય કરે તો તમામ વિષયની નવેસરથી પરીક્ષા આપવાની રહેશે. જો કોઈ વિદ્યાર્થીએ ચાર સેમેસ્ટર પુરા કરીને ડિગ્રી મેળવી લીધી હોય તો જ્યાં સુધી સેમેસ્ટર ૩ની નવેસરથી આપેલી પરીક્ષાનું પરિણામ જાહેર ન થાય ત્યાંસુધી તેને ડિગ્રી મળી શકશે નહી. આ ઉપરાંત ડિગ્રી મેળવી લીધી હોય તેઓએ નવેસરથી જે સેમેસ્ટરની પરીક્ષા આપે અને તેનુ પરિણામ ન આવે ત્યાંસુધી ડિગ્રી જમા કરાવી દેવાની રહેશે. નવા કોર્સમાં જ આ પ્રકારની વ્યવસ્થા આપવામાં આવશે. એટલે કે હાલમાં જે નવો કોર્સ અમલમાં લાવવામાં આવ્યો છે તેમાં પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓને જ આ તક આપવામાં આવશે. જૂના કોર્સમાં પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓને આ તક મળશે નહી. આ અંગે એકેડેમિક કાઉન્સિલમાં નિર્ણય કરાયા બાદ આગામી વર્ષથી તેનો અમલ શરૂ કરી દેવામાં આવશે. આ નિર્ણયના કારણે જે વિદ્યાર્થીઓ ૫૫ ટકા ન હોવાના કારણે ઉચ્ચ અભ્યાસ કરી શકતા નથી તેમને મહત્તમ ફાયદો થશે.

# ગુજ. યુનિ.માં ઉત્તરવહીની ચકાસણી માટે સેન્ટ્રલ એસેસમેન્ટ પદ્ધતિ

## દરેક પ્રોફેસરે યુનિવર્સિટીમાં આવીને ઉત્તરવહી ચકાસણી કરવી પડશે : એક અધ્યાપકને પ્રતિ દિવસ માત્ર ૪૦૦ ઉત્તરવહીઓ ચકાસવા માટે અપાશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ બાદ ઉત્તરવહીની ચકાસણી માટે હવે નવેસરથી સેન્ટ્રલ એસેસમેન્ટ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય કરાયો છે. અત્યાર સુધી પ્રોફેસરોને ઘરે ઉત્તરવહી ચકાસણી માટે આપવામાં આવતી હતી. પરંતુ અનેક પ્રકારની ગેરરીતિઓ અને ગોટાળાના કારણે ફરીવાર યુનિવર્સિટીમાં આવીને દરેક પ્રોફેસરો દ્વારા ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

ત્રણ વર્ષ પહેલા દરેક પ્રોફેસરે ઉત્તરવહીઓની ચકાસણી માટે ફરજિયાતપણે યુનિવર્સિટીમાં આવવું પડતુ હતુ. ત્યારબાદ દરેક પ્રોફેસરને ઘરે ઉત્તરવહીઓ ચકાસણી માટે આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. સૂત્રો કહે છે છેલ્લા ત્રણ વર્ષથી યુ.જી. અને પી.જી.ની ઉત્તરવહીઓ ચકાસણી માટે પ્રોફેસરોને ઘરે આપવાનું શરૂ કરાયુ છે. આશ્ચર્યની વાત એ કે યુનિવર્સિટી દ્વારા ઉત્તરવહીઓ ઘરે તપાસવા માટે આપવામાં આવતી હોવાથી અધ્યાપકો હજારોની સંખ્યામાં ઉત્તરવહીઓની ચકાસણી કરી નાંખતા હતા. તાજેતરમાં એક પ્રોફસરે ૬ હજાર જેટલી ઉત્તરવહીઓની ચકાસણી કરી હતી. જેમાં પોતાની દીકરીના નામે પણ અનેક ઉત્તરવહીઓ દર્શાવવામાં આવી હતી. નવાઈની વાત એ હતી કે તેમની દીકરી અમદાવાદમાં નહી પરંતુ મુંબઈમાં રહે છે. અમદાવાદમાં જે વ્યકિત હાજર નથી તેમના નામે ઉત્તરવહીઓ ચકાસવામાં આવી હતી. યુનિવર્સિટીમાં ઉત્તરવહી ચકાસણીની કામગીરી જેમના નામે થઈ હોય તેમના નામનો જ વેતનનો ચેક બનતો હોવાથી આ પ્રોફેસરના દીકરીના નામનો ચેક બન્યો હતો. જો કે, આ ચેક પ્રોફેસરને મળ્યા બાદ તેઓએ આ ચેકમાં પોતાની દીકરીના નામની જગ્યાએ પોતાનું નામ લખાવી દીધું હતું. આ ઉપરાંત અન્ય એક પ્રોફેસરે પોતાની ક્ષમતા કરતાં વધારે ઉત્તરવહીઓ ચકાસતાં અનેક વિદ્યાર્થીઓને નાપાસ કર્યા હોવાની ફરિયાદ પણ આવી હતી. આ પ્રકારના અનેક કિસ્સાઓ બહાર આવ્યા બાદ હવે યુનિવર્સિટી દ્વારા ફરીવાર સેન્ટ્રલ એસેસેસેન્ટ દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. આગામી પરીક્ષા બાદ દરેક પ્રોફેસરે યુનિવર્સિટીમાં આવીને ઉત્તરવહી ચકાસણી કરવી પડશે. દિવસમાં એક અધ્યાપકને માત્ર ૪૦૦ ઉત્તરવહીઓ ચકાસવા માટે અપાશે. આમ, ગેરરીતિઓ અટકાવવા માટે ફરીવાર સેન્ટ્રલ એસેસમેન્ટ સ્કીમ દાખલ કરવામાં આવશે. સેન્ટ્રલ એસેસમેન્ટ બાદ દરેક અધ્યાપક ફરજિયાત ઉત્તરવહી ચકાસણી કરવા માટે આવે તેવી વ્યવસ્થા પણ ગોઠવવી પડશે.

## ડાયરેક્ટ ❤ સે

દિલ મોટું હોય
તો દોસ્તો વધુ બને છે
અને બુદ્ધિ વધારે હોય
તો દુશ્મનો વધુ બને છે

# તુલસી વિવાહ સાથે દેવપ્રબોધિની એકાદશી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૨

કારતક સુદ એકાદશી, દેવ પ્રબોધિની એકાદશી કે દેવઉઠી એકાદશીની શુક્રવારે ભક્તિપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર, જગન્નાથ મંદિર, ભાગવત વિદ્યાપીઠ-સોલા, નારણપુરા સહિત અનેક મંદિરોમાં પરંપરાગત રીતે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક શ્રદ્ધાળુઓ આ દિવસે વિષ્ણુ ભગવાનની આરાધના કરી હતી અને શ્રીવિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રનું પઠન પણ કરવામાં આવ્યું હતું.

જગન્નાથજી મંદિર ખાતે તુલસી વિવાહ અંતર્ગત મહંત દિલીપદાસજી મહારાજની નિશ્રામાં મહાઆરતી પણ થઈ હતી. ભાગવત વિદ્યાપીઠ-સોલા ખાતે ભાગવત ઋષિજીની નિશ્રામાં વિધિવત્, ધામધૂમપૂર્વક તુલસી વિવાહનું આયોજન થયું હતું. જેનાં દર્શન માટે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા હતા. ખાસ કરીને કોઈના લગ્ન હોય તે રીતે વર પક્ષ અને કન્યા પક્ષથી માંડીને, બેન્ડવાજા સાથે વરઘોડો પણ નીકળ્યો હતો. જ્યારે દર્શનાર્થીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નારણપુરા ગામમાં રાધાકૃષ્ણ મંદિર ખાતે રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટ-નારણપુરા ગામ દ્વારા તુલસી વિવાહનું આયોજન થયું હતું. જેમાં વિધિવત્ રીતે મંત્રોચ્ચાર સાથે તુલસી વિવાહ સંપન્ન થયા હતા. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિકો તથા ગામમાંથી અન્ય સ્થળે રહેવા ગયેલા લોકો પણ પધાર્યા હતા. સ્વામિનારાયણ મંદિર-કુમકુમ ખાતે દેવપ્રબોધિની એકાદશી નિમિત્તે મહંત આનંદપ્રિયદાસજીની નિશ્રામાં ત્રિદિવસીય મહોત્સવનો પ્રારંભ થયો છે. રામાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનને ગાદી સુપ્રત કરી હતી, તે પ્રસંગની ૨૧૫મી જયંતી હોવાથી ભગવાન સ્વામિનારાયણનું ષોડષોપચારનું પૂજન, થયુ હતું. આ પ્રસંગે ભગવાનને વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યા હતા.

# હેમ રેડિયોના ચાહકો માટે પાઠ્યપુસ્તક સરીખું પુસ્તક


હેમ રેડિયોના ત્રણ નિષ્ણાતોએ ભેગા મળીને એક માહિતીપ્રદ, સુંદર પુસ્તકનું સર્જન કર્યું છે અને અન્ય એક નિષ્ણાતે આ પુસ્તકનું પ્રકાશન કર્યુંછે. પુસ્તકનું નામ છે 'ઈન્ટ્રોડક્શન ટુ હેમ રેડિયો'. મુદ્રક, પ્રકાશક અને બે લેખકો પણ ગાંધીનગરના છે એ ગાંધીનગર માટે ગૌરવના સમાચાર.


પુસ્તકના ત્રણ લેખકો પૈકી પહેલા લેખક છે ડૉ. જગદીશ પંડ્યા (ગાંધીનગર), જેઓ કૉમ્પ્યુટર સાયન્સમાં પીએચડી છે. ફિઝિક્સ સાથે એમએસસી કરનાર ડૉ. પંડ્યા ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ કેડરમાં ૩૨ વર્ષ પોતાની સેવાઓ આપી ચૂક્યા છે અને ૩૦ વર્ષથી હેમ રેડિયોનું લાયસન્સ ધરાવે છે.

બીજા લેખક પ્રૉ. રાજેન અદીચા (રાજકોટ) ઈન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ એન્જિનીયર છે. તેઓ ગુજરાત રાજયના ટૅકનીકલ એજ્યુકેશનમાં આસી. પ્રૉફેસર રહી ચૂક્યા છે અને વેટરન હેમ છે.

ત્રીજા લેખક છે ડૉ. મનોજ પંડ્યા (ગાંધીનગર), જેઓ માઈક્રોસૉફ્ટ સર્ટીફાઈડ ટૅકનોલૉજી સ્પેશિયાલિસ્ટ છે, ફિઝિક્સ વિષયમાં માસ્ટર ડિગ્રીધારક છે અને કૉમ્પ્યુર સાયન્સમાં પીએચડી છે. એમના દ્વારા તૈયાર કરેલાં પચીસ જેટલાં રીસર્ચ પેપર્સ વિવિધ જનરલ્સમાં પ્રકાશિત થઈ ચૂક્યાં છે. પુસ્તકના પ્રકાશક છે કિશોર ત્રિવેદી (ગાંધીનગર), જેઓ મુંબઈ યુનિવર્સિટીના સ્નાતક છે અને કૉમ્પ્યુટર નિષ્ણાત છે. કૉમ્પ્યુટર વિષયે એમણે લખેલાં પુસ્તકો ચાહકો દ્વારા ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે.

પુસ્તકનું સુંદર મુદ્રણ પણ ગાંધીનગરના સૌથી સિનિયર પ્રિન્ટિંગ પ્રેસ કૅપિટલ ઑફસેટ દ્વારા કરવામાં આવ્યું છે.




પુસ્તકની આ બીજી રિવાઈઝ્ડ ઍડિશન છે તેમાં ૧૩ પ્રકરણો આપવામાં આવ્યાં છે. હેમ રેડિયોનો પરિચય, તેનો ઉપયોગ, તેની પરીક્ષા, રેડિયો થિયરી, ફ્રિક્વન્સી સ્પેક્ટ્રમ, ઑલ્ટરનેટીવ કરંટની થિયરી, સૅમીકન્ડક્ટર ડિવાઈસ, રેડિયો રિસીવર, ટ્રાન્સમિટર, રેડિયો પ્રોપેગેશન, એન્ટેના, મેઝરમેન્ટ, સ્પેસ કમ્યુનિકેશન, નીતિ-નિયમો, મોર્સ કોડ જેવાં પ્રકરણોમાં અહીં સમાવવામાં આવ્યાં છે અને એમાં સંબંધિત પ્રકરણની ઊંડાણપૂર્વકની માહિતી આપવામાં આવી છે.

આ ઉપરાંત ઈન્ટરનેશનલ એમેચ્યોર રેડિયો પ્રિફીક્સીસ, ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ટાઈમ, યુનિટ્સ ઓફ ઈલેક્ટ્રીકલ ક્વોન્ટીટીસ, ફોનેટીક આલ્ફાબેટ્સ, ઈલેક્ટ્રીકલ એલિમેન્ટ્સના સર્કિટ સિમ્બોલ્સ, ન્યુમેરીક કોડ્સ, ભારતની હેમ કલબના એડ્રેસ, દેશનાં મોનીટરીંગ સ્ટેશન્સ, મોર્સ કોડ જનરેશન માટે સર્કિટ ડાયેગ્રામ, એમેચ્યોર લાયસન્સ મેળવવા, રિન્યુ કરાવવા અંગેની માહિતી પણ આપવામાં આવી છે. પુસ્તકના અંત ભાગમાં જવાબો સાથે મૉડેલ પેપર્સ અને વિવિધ કોમ્પોનન્સ્ટની સ્પષ્ટ તસવીરો પણ મૂકવામાં આવી છે. આ કારણે ન માત્ર હેમ રેડિયોના વર્તમાન વપરાશકર્તાઓ માટે પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ શરૂ કરવા ઈચ્છનારાઓ માટે પણ આ પુસ્તક અત્યંત ઉપયોગી બન્યું છે.

સરળ ભાષા, આકૃતિ સાથેની સમજૂતી અને લેખકોના સુદીર્ઘ અનુભવથી લખાયેલાં લખાણોને કારણે આ પુસ્તક એ હેમ રેડિયોના ચાહકો માટે પાઠ્યપુસ્તકની ગરજ સારે એ કક્ષાનું બન્યું છે. પુસ્તક છે અંગ્રેજી ભાષામાં પરંતુ સામાન્ય અંગ્રેજી જાણનાર પણ આ પુસ્તકનો ઉપયોગ આરામથી કરી શકે એટલી સરળ એની ભાષા છે. વળી, દરેક આયુના રસિકો માટે આ પુસ્તક ઉપયોગી બની શકે એટલી બધી પ્રાથમિક અને ઊંડાણપૂર્વકની માહિતી હેમ રેડિયો વિશે તેમાં આપવામાં આવી છે.

હેમ રેડિયોના પાઠ્યપુસ્તક સમા આ ૩૧૫ પાનાંના પુસ્તકની કિંમત માત્ર ૧૫૦ રૂપિયા રાખવામાં આવી છે અને તે રાજકોટમાં નરેશ અદિચા (મોબાઈલ ૯૮૨૫૦ ૭૮૩૨૫) તથા ગાંધીનગરમાં ડૉ. મનોજ પંડ્યા (મોબાઈલ ૯૯૦૯૯ ૪૫૦૧૫) પાસેથી પ્રાપ્ત થઈ શકે છે.


ડો. જગદીશ પંડ્યા, લેખક


પ્રો. રાજેન અદીચા, લેખક


ડો. મનોજ પંડ્યા, લેખક


કિશોર ત્રિવેદી, પ્રકાશક

# ૧૪મીના રોજ ગાંધીનગર જિલ્લામાં ૩ જેનરિક મેડિકલ સ્ટોર આરંભાશે

ગાંધીનગર, તા. ૧૨

દર્દીઓને સારી ગુણવત્તાની દવાઓ વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય તે માટેનું દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોરનો ૧૪ નવેમ્બરથી રાજયવ્યાપી પ્રારંભ થનાર છે. આ પ્રસંગે ગાંધીનગરમાં ત્રણ સ્થળે જન ઔષધી સ્ટોર- જેનરિક મેડિકલ સ્ટોરનો પ્રારંભ થશે. ગાંધીનગર જિલ્લા કલેકટર સતીશ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ ખાતે તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે દીન દયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરનો પ્રારંભ જિલ્લા પ્રભારી મંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણીના હસ્તે થશે. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ગાંધીનગર જિલ્લામાં અડાલજના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દીનદયાળ વ્યાજબી ભાવની દવાની દુકાનનો પ્રારંભ સવારના ૧૦.૦૦ કલાકે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે થશે, જ્યારે માણસા સિવિલ હોસ્પિટલ ખાતે દીન દયાળ વ્યાજબી ભાવની દવાની દુકાનનો પ્રારંભ સંસદીય સચિવ બાબુભાઈ જમનાદાસ પટેલના હસ્તે કરાશે. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી અને માણસા નગરપાલિકાના પ્રમુખ નીતાબેન પટેલ ઉપસ્થિત રહેશે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું મધુરું બાળપણ'**